આપણું પોતાનું અખબાર

કોઇ પણ કામ શાંતિપૂર્વક અને સ્વસ્થતાથી કરવામાં આવે ત્યારે તે વધારે અસરકારક બને છે
- માતાજી

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૩ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૩, બુધવાર; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# માણસા પાલિકામાં ભગવો લહેરાયો

## શહેરપ્રમુખ ગોવિંદભાઈ પટેલ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ જી.બી. પટેલ તથા પૂર્વ મહામંત્રી નવિન વ્યાસ વિજયી : કોંગ્રેસના વિજયસિંહ રાઓલ પરાસ્ત : પાંચ વોર્ડમાં ભાજપની પેનલ તો ચાર વોર્ડમાં પેનલ ખંડિત થઈ ગત ચૂંટણી કરતાં ભાજપે ૩ બેઠકો વધુ મેળવી નવો વિક્રમ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષે ભવ્ય વિજય હાંસલ કરી સત્તા જાળવી રાખી છે એટલુ જ નહિ ગત વખત કરતાં ૩ બેઠકો પણ વધુ મેળવી છે.

માણસા નગરપાલિકાની આ ચૂંટણીએ જિલ્લાના રાજકારણમાં ભારે ઉત્તેજનાઓ જગાવી હતી. વિધાનસભાની પેટા-ચૂંટણી અને સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના વિજય પછી કોંગ્રેસ પક્ષે પણ આ નગરપાલિકાની ચૂંટણી જીતવા માટે પૂરી તાકાત કામે લગાડી હતી.

આજે સવારે મતગણતરીની કાર્યવાહી શરૂ થઈ ત્યારે બન્ને પક્ષના ઉમેદવારોના સમર્થકોમાં ભારે ઉત્તેજના જોવા મળતી હતી. જેમ જેમ પરિણામો જાહેર થતા ગયા તે જાણી અને ભાજપના સમર્થકોએ ભાજપ ઝીંદાબાદ, મોદીજી તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ના નારા સાથે વાતાવરણને ગજવી દીધુ હતું.

ભારતીય જનતા પક્ષની આજે જાહેર થયેલ ચૂંટણી પરિણામોમાં વોર્ડ નં. ૨, ૪, ૬, ૮ અને ૯માં પેનલો વિજયી જાહેર થઈ હતી. જ્યારે વોર્ડ નં. ૧, ૩, ૫ અને ૭માં કોંગ્રેસના એક-એક ઉમેદવાર વિજયી થયા હતા.

આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપના શહેર પ્રમુખ શ્રી ગોવિંદભાઈ એ. પટેલ, પૂર્વ મહામંત્રી શ્રી નવિનભાઈ વ્યાસ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી ગોવિંદભાઈ બી. પટેલનો વિજય મહત્વનો હતો. તો સામે પક્ષે કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી વિજયસિંહ રાઓલ સહિતના મહાનુભાવોનો પરાજય થયો હતો.

શહેરમાં ભાજપના ભવ્ય વિજય બાદ વિદાય લેતા પ્રમુખશ્રી અનિલભાઈ પટેલે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે શહેરોના વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે અમલી બનાવેલી નીતિને શ્રેય જાય છે. તેમણે જણાવ્યું હતું કે માણસા શહેરમાં નગરપાલિકા માટે નવુ મકાન, ટાઉનહોલ તેમજ ગટરલાઈનના મહત્વના કામોને પણ લોકોએ આવકાર્યા છે. તેમણે જણાવ્યુ હતું કે નગરપાલિકાઓની આવકમાં વધારો થાય તેવા મહત્વના પગલાંઓ રાજ્ય સરકારે જે લીધા છે તેનો પ્રજામતે પડઘો પાડ્યો છે.

દરમ્યાન કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષના દેખાવ લઈને મંથનની પ્રક્રિયા જિલ્લાકક્ષાએ હાથ ધરવાનો નીર્ણિય લેવામાં આવ્યો છે. પક્ષના આગેવાનોએ પ્રજાએ આપેલા ચુકાદાને સ્વીકારી સકારાત્મક રાજનીતિ સાથે નગરજનોની સેવા કરવાનો સંકલ્પ દોહરાવ્યો છે.

## પેથાપુરની પરંપરાગત કોંગી બેઠક ભાજપે મેળવી પાલિકામાં સ્પષ્ટ બહુમતિ મેળવી

### ભાજપના ઉમેદવારે બીજી પેટા-ચૂંટણીમાં પણ વિજય મેળવી કોંગ્રેસને પરાજય આપ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટેની પેટા ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસની પરંપરાગત બેઠક છીનવી લઈ ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે.



પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૭ની ગત તા. ૧૦મીએ યોજાયેલ પેટા ચૂંટણીની આજે થયેલી મતગણતરીમાં ભાજપના હમદાબેન મુસ્તફાખાન પઠાણે ૭૬ મતે કોંગ્રેસના પારૂલબા સૂર્યસિંહ ડાભીને પરાજય આપ્યો હતો.

આજે સવારે ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાની કચેરીમાં આ પેટા ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મત

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાના આગમનના એંધાણ - ગાંધીનગરના હાર્દસમા ચ-૫ સર્કલ પર મંગળવારની સાંજે ફુવારાનું મંગલ મુહુર્ત થયું. ગાંધીનગરની સ્થાપના કાળથી ચ-૫ના ફુવારાનું આકર્ષણ રહેલું છે. ઉનાળાના દિવસો હોય ત્યારે ચ-૫ના સર્કલે નગરજનો રાત્રે એકત્ર થાય અને ઉનાળાની સાંજનો આહ્લાદક અહેસાસ કરતાં હોય છે.... (તસવીર : દિપક જાની)

## ચૂંટણી તાલિમમાં ગેરહાજર કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે

### ૨૦૦ કર્મચારીઓએ ચૂંટણી ફરજમાંથી મુક્તિ માંગતા તંત્ર આકરા પાણીએ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે નિમણુંક કરાયેલ કર્મચારીઓ આજે યોજાયેલ તાલિમ દરમ્યાન ગેરહાજર રહેશે તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય જિલ્લાતંત્રએ કર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાતંત્રને ૨૦૦ જેટલા કર્મચારીઓએ ચૂંટણી ફરજમાંથી મુક્તિ માંગતી અરજીઓ કરતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે અને તમામ મુક્તિ અરજીઓને ફગાવી દઈ આજની તાલિમમાં હાજર રહેવા આદેશો જારી કર્યા છે.

ચૂંટણી અધિકારી તરીકે વિશેષ જવાબદારી સંભાળતા અધિક નિવાસી કલેક્ટર શ્રી ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે ચૂંટણીની મહત્વની કામગીરી હોવાથી તમામ રજાઓ રદ કરવાનો નિર્ણય ચૂંટણી પંચે લીધો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ૪૭ નગરપાલિકામાં ભાજપનો સપાટો

## સૌરાષ્ટ્રમાં ભાજપને ૨૮માં અને કોંગ્રેસને ત્રણ નગરપાલિકામાં જ બહુમતિ ૧૦ નગરપાલિકાઓમાં કોઈને સ્પષ્ટ બહુમતિ નહીં મળતા ખેંચતાણનો દોર

અમદાવાદ,તા. ૧૨

ગુજરાતની નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપે આજે જોરદાર સપાટો બોલાવ્યો હતો. વિધાનસભાની ચૂંટણીની જેમ જ કોંગ્રેસનો નગરપાલિકાની ચૂંટણીમાં પણ સફાયો થયો હતો. કુલ ૭૬ નગરપાલિકાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો જે પૈકી હળવદમાં બિનહરિફ ચૂંટણી થઈ હતી. જ્યારે ભચાઉ નગરપાલિકાનું પરિણામ અટકાવી દેવામાં આવ્યુ હતુ. આજે સવારે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાયા બાદ ૪૭ નગરપાલિકાઓમાં ભાજેપ સપાટો બોલાવીને શાસન મેળવી લીધુ હતુ. જ્યારે નવ નગરપાલિકાઓમાં કોંગ્રેસનું શાસન આવ્યુ છે. ૧૦ નગરપાલિકામાં કોઈને પણ બહુમતિ નહીં મળતા ચિત્ર અસ્પષ્ટ રહ્યા છુ. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત રહ્યા બાદ નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપે જીત મેળવી છે. સત્તાવાર આંકડાઓ મુજબ ભાજપને ૧૧૪૪ અને કોંગ્રેસને ૪૪૯ બેઠકો મળી છે. અપક્ષોને ૨૭૨ બેઠકો મળી છે. એનસીપીને ૧૬, સપાને ૨ બસપને ૧૩ અને અન્યોને ૧૬ બેઠકો મળી છે. સૌરાષ્ટ્રમાં પણ ભાજપે સપાટો બોલાવ્યો છે. સૌરાષ્ટ્રમાં કુલ ૩૩ નગરપાલિકાઓ પૈકી ભાજપને ૨૬ નગરપાલિકાઓમાં જીત મળી છે. કોંગ્રેસને પ્રમાણમાં ખુબ ઓછી જગ્યાએ શાસન મળ્યુ છે.

ગુજરાતના ૨૦ જિલ્લાઓની ૭૪ નગર પાલિકાઓ માટે રવિવારે મતદાન યોજાયા બાદ આજે સવારે પરિણામ આવવાનો સિલસિલો શરૂ થયો હતો. મતગણતરી શરૂ થયા બાદ જ પરિણામ મળતાં ભાજપની છાવણીમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. મોટાભાગના વિસ્તારોમાં નગર પાલિકાઓમાં ભાજપે જોરદાર સપાટો બોલાયો હતો. શહેરી ક્ષેત્રોમાં ભાજપે શાનદાર સફળતા મેળવી હતી. ચાણસ્મામાં તમામ ૧૫ બેઠકો ભાજપે

● અનુસંધાન પાન-૭ પર

### પરિણામ પ્રથમ નજરે

નગરપાલિકાઓની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા જેમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને શાનદાર જીત મેળવી હતી. નગરપાલિકાઓનું ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ નગરપાલિકા | ૭૬ |
| ચૂંટણી યોજાઈ | ૭૪ |
| ભાજપ | ૪૭ |
| કોંગ્રેસને | ૦૯ |
| કોઈને બહુમતિ નહિ | ૧૦ |
| અન્યોની જીત | ૦૮ |




## નવ પાલિકાઓમાં અપક્ષોને સત્તા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યની નવ નગરપાલિકાઓમાં અપક્ષોને બહુમતી મળતા આ પાલિકાઓમાં અપક્ષો સત્તા બનાવશે

રાજ્યની ૭૬ નગરપાલિકાઓની યોજાયેલી ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં નવ નગરપાલિકાઓ એવી છે કે આ નગરપાલિકાઓમાં ભાજપ અને કોંગ્રેસ પક્ષ કરતાં અપક્ષ ઉમેદવારો વધુ વિજયી થવા પામ્યા છે. જેના કારણે આ પાલિકાઓમાં અપક્ષો સત્તા બનાવશે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા અપક્ષોને પોતાના પક્ષમાં ખેંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

રાજ્યની અંકલાવ, બોરીયાવી, ચકલાસી, ડાકોર, ખેડા, મહુધા, ઝાલોદ, કાલોલ અને કુતિયાણા એમ કુલ નવ નગરપાલિકાઓમાં સૌથી વધુ અપક્ષ ઉમેદવારો વિજય થવા પામ્યા છે.

## ભચાઉ પાલિકાની ચૂંટણી અંગે અહેવાલ બાદ આયોગ નિર્ણય કરશે

ગાંધીનગર, તા. ૧૨

ભચાઉ નગરપાલિકાની ચૂંટણીની મતગણતરી સ્થગિત કરીને ચૂંટણી અધિકારીનો તપાસ અહેવાલ મંગાવ્યા બાદ પુનઃ મતદાન કરાયું કે મતગણતરી કરવી એ અંગેનો નિર્ણય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે.

આ અંગે પત્રકારોને વિગતો આપતા રાજ્ય ચૂંટણી પંચના સચિવ પી.એ. શાહે જણાવ્યું હતું કે કચ્છ જિલ્લાની ભચાઉ નગરપાલિકાની ૧૦-૨-૧૩ના રોજ ચૂંટણી અંગે આજે ચૂંટણી અધિકારીના રીપોર્ટ પ્રમાણે મતદાન પૂર્ણ થયા પછી પ્રમુખ અધિકારીએ ઈ.વી.એમ. અને ચૂંટણીના નમૂનાઓ રજૂ કરતી વખતે વિજાણું મતદાન યંત્રમાં કુલ કેટલા મત પડ્યા તે દર્શાવેલ ન હોવાથી પ્રમુખ અધિકારીએ સીલ કરેલ વિજાણું મતદાન યંત્રનું સીલ તોડી મતોની સંખ્યા મેળવી પુનઃ સીલ કરી રજુ કરેલ હતા.

ઈ.વી.એમ. સીલ થયા પછી સીલ તોડવાની જે કાર્યવાહી થયેલ છે તે અંગે વિગતવાર અહેવાલ ચૂંટણી અધિકારી પાસેથી મંગાવવામાં આવેલ છે એમ તેમણે જણાવીને ઉમેર્યુંહતું કે પ્રાથમિક દષ્ટિએ ચૂંટણી પ્રક્રિયામાં આ પ્રકારની બાબતો ધ્યાનમાં લેતા આજે મત ગણતરી આયોગની બીજી સૂચના ન મળે ત્યાં સુધી મોકુફ રાખવા જણાવેલ છે.

## નવ પાલિકાઓમાં કોંગ્રેસને સત્તા

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસે માત્ર નવ નગરપાલિકાઓમાં જ સત્તા મેળવી સંતોષ માનવો પડ્યો છે. આજે જાહેર થયેલ નગરપાલિકાઓની ચૂંટણીના પરીણામોમાં કોંગ્રેસને માત્ર નવ નગરપાલિકામાં જ વિજય મળવા પામ્યો છે. જે નગરપાલિકાઓ આ પ્રમાણે છે.

નગરપાલિકાનું નામ : ● ચલાલા ● ધ્રોલ ● ચોરવાડ ● લુણાવાડા ● રાધનપુર ● રાણાવાવ ● ધાનેરા ● કરજણ ● છોટાઉદેપુર




